


# ફ્રોમ યોર વેલેન્ટાઈન

જડી બુટ્ટી
નજુમી

ઈરાદે બાંધતા હૂં, સોચતા હૂં, તોડ દેતા હૂં!
કહીં એસા ન હો જાએ, કહીં વૈસા ન હો જાએ!!

પ્રેમી દિલોની આ મુશ્કેલીઓને સમજીને વેલેન્ટાઇન નામના એક પાદરીએ જે પ્રેમી યુગલો હોય તેમને ભેગાં કરવાં... મિલન કરાવવામાં વધારે રુચિ લેતા હતા... પરંતુ રોમના તત્કાલીન સમ્રાટ કલોડિયસને આ બિલકુલ પસંદ ન હતું. તેમનું માનવું હતું કે, પ્રેમમાં પડેલો કે લગ્ન કરેલો પુરુષ કયારેય સારો સૈનિક ના બની શકે! ત્યાર બાદ પરિણામ એ આવ્યું કે, તેમણે તે પાદરીને જેલમાં મોકલી દીધો અને 14 ફેબ્રુઆરી, 269 ઇસવીસનના રોજ તેમનું માથું કાપીને તેમનું કામ સમાપ્ત કરી દીધું? મરતાં પહેલાં તે પાદરીને છેલ્લી ઈચ્છા પૂછવામાં આવી... તો તેમણે પોતાની આંધળી પ્રેમિકાને એક પત્ર લખવાની ઈચ્છા જાહેર કરી, જે વાસ્તવમાં પ્રેમપત્ર હતો.



આ પ્રેમ-પૂજારી પાદરીની યાદમાં દુનિયા આજે વેલેનટાઇન-ડે ઉજવે છે.

શરૂઆતમાં વેલેનટાઇન-ડે પર પ્રેમની ભેટ તરીકે પ્રેમપત્ર, લવ કાર્ડ્સ અને લાલ ગુલાબ આપવામાં આવતાં હતાં. પરંતુ આજે આ સિવાય બીજી ઘણી બધી ભેટો વધી ગઇ છે. આજે દિલમાં ઉભરતી-ઉછળતી ભાવનાઓને વ્યકત કરવાની તમન્નાથી ભેટના રૂપમાં તપાસવામાં આવે છે... એક ખૂબસૂરત, પ્યારનું માધ્યમ... શબ્દો વિના પણ હૃદયની લાગણીઓને વ્યકત કરે છે. પછી તેના માટે હૃદયની આકૃતિથી વધીને તેનાથી સારી ભેટ બીજી કઇ હોઇ શકે?

જો કે, પોતાના હૃદયની ભાવનાઓને વ્યકત કરવા માટે લોકો પછી કોઇ પણ માધ્યમની મદદ લેતા હોય, પરંતુ આ દિવસ માટે એક ખાસ ફરક એ જોવા મળે છે કે... પહેલાં જયાં આ દિવસ પ્રેમ દિવસ રૂપી પવિત્ર પર્વ સમર્પણ, ત્યાગ અને સાચા પ્રેમનું પ્રતીક બની રહેતું હતું... તે આજે ઢોંગ, વાસના અને ભેટની આપ-લે સુધી સીમિત બનીને જ રહી ગયું છે.

દિવસે દિવસે ડેટિંગનું વધતું વલણ અને એક-બીજા પ્રત્યે આકર્ષણના બદલાતા વાતાવરણથી આ પર્વમાં કેટલીક વિકૃતિઓનો સમાવેશ થતો ગયો છે. હવે તો પ્રેમનો એકરાર ના તો નિષ્કપટ અને પવિત્ર હોય છે... ના તો તેમાં પરિપકવતા અને ઊંડાઇ હોય છે. સીધાસાદા શબ્દોમાં કહીએ તો... એક બીજા પ્રત્યે પ્રેમ આધ્યાત્મિકથી વધારે શરીરનો હોય છે અને આ દૈહિક આકર્ષણનું દુષ્પરિણામ આજે આપણી સામે છે!

એ સાચું છે કે ફિલ્મ, ટી.વી. મોબાઇલ અથવા અન્ય એવાં માધ્યમોના વિસ્તારથી સમાજમાં કેટલુંક ખુલ્લાપણું આવે છે, પણ ખુલ્લાપણું શહેરો સુધી જ સીમિત છે... તે પણ એક ખાસ વર્ગ સુધી જ! બાકીનો સમાજ આજે પણ પોતાને પારંપરિક વિચારથી બંધાયેલો છે. એવામાં આ સંબંધોનો સ્વીકાર કરી શકતાં નથી! તેઓ એ માનવા પણ કયારેય તૈયાર નથી કે છોકરા અને છોકરીની વચ્ચે સ્વસ્થ મિત્રતા રહી શકે છે. તેમનું આ માનવું પણ ઘણું સાચું પણ છે!

સામાન્ય રીતે જોવા એવું મળે છે કે, ભાવનાઓમાં તણાઇને કોઇ પણ પ્રકારનું ખોટું પગલું ઉઠાવી લેવાની છટકબારી છોકરીને જ ભોગવવી પડે છે. પ્રેમી દ્વારા બ્લેકમેલિંગથી માંડીને કોઠા ઉપર વેચી નાખવામાં આવે એવી ના જાણે કેટલીયે નરકની સ્થિતિઓમાંથી પસાર થવું પડે છે. મિત્રતા અથવા આશિકી ખરાબ નથી. સવાલ તો દાનતનો છે. એટલા માટે પોતાના હૃદયની વાત કહેવા માટે મિત્રની પસંદગી સમજી વિચારીને કરવી જરૂરી હોય છે.

વેલેનટાઇન-ડેના સમર્થક પ્રેમી દિલોને આ બ્રહ્માંડના પ્રત્યેક જીવ સાથે પ્રેમ હતો. તેમનો સંદેશ માનવતા અને માનવીય સંબંધો પ્રત્યે પ્રેમ અને વિશ્વાસ પ્રદર્શિત કરવાનો હતો.

# વસંતઋતુ, ભીષ્મ અષ્ટમી અને વિશ્વકર્મા જયંતી

પર્વ વિશેષ
વાય.જે.ટી.

કામદેવની સાથે રતિ તથા સરસ્વતીપૂજનનો દિવસ એટલે વસંત પંચમી

લોકો લક્ષ્મી પૂજા કરે છે પણ સરસ્તવીની પૂજા કરવામાં આવે તો જીવન વધારે ખીલી ઊઠે છે!



વસંત પંચમી

તા.14 ફેબ્રુઆરી 2024ને બુધવારના રોજ વસંત પંચમી છે. મહા સુદ પાંચમનો દિવસ ઋતુરાજ વસંતના આગમનનો પ્રથમ દિવસ માનવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ આ ઉત્સવના અધિદેવતા છે. એટલા માટે વ્રજ પ્રદેશમાં આજના દિવસે રાધા તથા કૃષ્ણના આનંદ વિનોદની લીલા ઘણી ધામધૂમથી ઊજવાય છે.

વસંત ઋતુમાં કુદરતનું સૌંદર્ય ખીલી ઊઠે છે. લોકો પ્રસન્ન ચિત્ત થઇને નાચી ઊઠે છે. પક્ષીઓના કલરવ, સવારનો ગુંજારવ તથા ફૂલોની માદકતાથી ભરેલું વાતાવરણ -વસંત ઋતુની પોતાની વિશેષતા છે. આ દિવસે વિષ્ણુપૂજનનું વિશેષ મહત્ત્વ છે. આ દિવસે કામદેવની સાથે રતિ તથા સરસ્વતી પૂજનનું વિશેષ મહત્વ છે.આ દિવસે કામદેવની પૂજન પહેલાં વિધિપૂર્વક કળશની સ્થાપના કરી ગણેશ, સૂર્ય, વિષ્ણુ તથા મહાદેવની પૂજા કરવી જોઈએ.ઉત્તરપ્રદેશમાં આ દિવસથી ગુલાલ ઉડાડવાનો આરંભ થઇ જાય છે, જેનો ક્રમ ફાગણ માસની પૂનમ સુધી ચાલે છે. વસંતપંચમીના દિવસે ખેડૂત લોકો નવા અન્નમાં ગોળ-ઘી મિક્સ કરીને અગ્નિમાં સમર્પિત કરી તેમ જ પિતૃ-તર્પણ કરે છે. વસંત પંચમી આપણા આનંદના અતિરેકનું પ્રતીક છે. બધા ભારતીયો આ પર્વ ઘણા હર્ષોલ્લાસથી ઉજવે છે.આ પર્વ પર બાળકોનો ઉત્સાહ ચરમસીમા પર હોય છે.

ભીષ્માષ્ટમી

મહા સુદ 8 (આઠમ), તા. 17-2-2024ને શનિવાર ભીષ્મ અષ્ટમીના રૂપમાં ઊજવાય છે.આ દિવસે બાલબ્રહ્મચારી ભીષ્મ પિતામહે પોતાનું શરીર છોડયું હતું. ભીષ્મ અર્જુનનાં બાણોથી ઘાયલ થઇને શરશય્યા પર પડયા હતા. તે હિમાલયની જેમ અડગ, સાગરની જેમ ગંભીર તથા આકાશની જેમ નિર્મલ અને શાંત હતા. તેમના માનના રક્ષણ માટે મહાભારતમાં શ્રીકૃષ્ણે પોતાનો પ્રણ (સંકલ્પ) ભંગ કર્યો હતો.આ દિવસે ભીષ્મ પિતામહ નિમિત્તે તલની સાથે તર્પણ અને શ્રાદ્ધ કરનાર વ્યક્તિને સંતાનની પ્રાપ્તિ થાય છે.



શાંતનુની પટરાણી ગંગાની કૂખે ભીષ્મજીનો જન્મ થયો હતો. એક વખત શાંતનુ શિકાર રમવા ગંગાની પાર ચાલી ગયા હતા. ત્યાંથી પાછા ફરવા માટે હરિદાસ નામના કેવટની પુત્રી મત્સ્યગંધાએ તેમને નાવડીમાં બેસાડીને ગંગા પાર કરાવી હતી. મત્સ્યગંધા કેવટ દ્વારા ઊછરી હતી. વાસ્તવમાં તે કોઇ ક્ષત્રિયની કન્યા હતી.

રાજા શાંતનુએ મત્સ્યગંધાનાં સૌંદર્ય પર મુગ્ધ થઇને કેવટ સમક્ષ તેની સાથે લગ્નનો પ્રસ્તાવ કર્યો. પરંતુ કેવટે રાજાના પ્રસ્તાવને ઠુકરાવતા કહ્યું:'મહારાજ! તમારો ઉત્તરાધિકારી તમારો જયેષ્ઠ પુત્ર ઉત્તરાધિકારી ના થઇ શકે. એટલે તમોને આ કન્યાનું દાન આપવું મને યોગ્ય નથી લાગતું.'

ઘરે આવીને રાજા શાંતનુ વ્યાકુળ રહેવા લાગ્યા. તેમના ચહેરા ઉપર દરેક સમયે ઉદાસી છવાયેલી રહેતી હતી. આ કારણે દરબાર પણ ઉદાસ રહેવા લાગ્યા. પરંતુ મહારાજને તેમનું ઉદાસીનું કારણ પૂછવાની કોઈની હિંમત ન હતી. પરંતુ એક દિવસ ભીષ્મને પિતાએ તેમની ઉદાસીનું કારણ પૂછયું ત્યારે મહારાજે તેમને બધું જ સાચું સાચું જણાવી દીધું.

આખું વૃત્તાંત સાંભળ્યા પછી ભીષ્મ પોતે કેવટની પાસે ગયા. તેમણે ગંગાજીમાં પ્રવેશ કરીને જીવન અવિવાહિત રહેવાનો સંકલ્પ કર્યો. તેમની આ કઠિન પ્રતિજ્ઞાના કારણે તેમનું નામ ભીષ્મ પડયું. નહીંતર તેમનું વાસ્તવિક નામ 'ગાંગેય' હતું. ભીષ્મના આ સંકલ્પ બાદ કેવટે મત્સ્યગંધાનું લગ્ન રાજા શાંતનુ સાથે કરી દીધું. રાજા શાંતનુએ પ્રસન્ન થઇને ભીષ્મને વરદાન આપ્યું કે તું પોતાની ઇચ્છા વગર નહીં મરી શકે. આ ભીષ્મની પ્રતિજ્ઞાનું જ પરિણામ હતું કે તેઓ આજન્મ અવિવાહિત રહ્યા!

ભીષ્મ પિતામહ હસ્તિનાપુરમાં દુર્યોધનની પાસે રહેતા હતા. કૌરવો પાંડવોના યુદ્ધમાં તેમણે દુર્યોધનને સાથ આપ્યો. યુદ્ધમાં સતત પોતાની હાર થતી જોઈને દુર્યોધને તેમના ઉપર શંકા કરતાં કહ્યું કે, ભીષ્મ પિતામહ પાંડવોનો પક્ષ લઇ રહ્યા છે. આ વાત પર ભીષ્મજી ઘણા દુ:ખી થયા હતા. પરિણામે તેમણે એવી પ્રતિજ્ઞા લીધી હતી કે, જેનાથી શ્રીકૃષ્ણજીએ પણ હથિયાર ઉઠાવવું પડયું તે દિવસના યુદ્ધની ભીષણતા જોઈને અર્જુનને શ્રીકૃષ્ણજીને કહેવું પડયું કે, જો ભીષ્મના વેગને ના રોકવામાં આવે તો પાંડવોનો સર્વનાશ થઇ જશે. પરિણામ સ્વરૂપ શ્રીકૃષ્ણે સુદર્શન ચક્ર હાથમાં લઇને શસ્ત્ર ના ધારણ કરવા એવી પ્રતિજ્ઞા લીધી હતી તેનો ભંગ કરી દીધો. જેવું શ્રીકૃષ્ણ ભગવાને સુદર્શન ચક્ર ધારણ કર્યું એટલે ભીષ્મે યુદ્ધ બંધ કરી દીધું. અને પોતે જ બાણોની શય્યા પર જઇને સૂઇ ગયા. મહાભારત યુદ્ધની સમાપ્તિ પર જયારે સૂર્ય દેવતા દક્ષિણાયનથી ઉત્તરાયણ થયા તો ભીષ્મે પોતાના શરીરનો ત્યાગ કરી દીધો.એ જ દિવસ માઘ સુદ અષ્ટમી જ હતી. એટલે આ દિવસ તેમની પાવન સ્મૃતિમાં ઉત્સવની રીતે ઉજવવામાં આવે છે.

શ્રી વિશ્વકર્મા જયંતી

ભગવાન વિશ્વકર્મા જ બ્રહ્માંડના પ્રથમ વાસ્તુશાસ્ત્રી પ્રથમ શિલ્પાચાર્ય છે. તેમની શક્તિ અપાર છે તે શિલ્પકાર્યના કુશળ કારીગર છે. તેમણે આખા વિશ્વ અને બ્રહ્માંડનું નિર્માણ કર્યું છે. ભગવાન વિશ્વકર્માની શિલ્પનિપુણતાથી પૃથ્વી આકાશ-તેમજ પાતાળ લોકની રચના થઇ છે. ત્રિભુવનનાયક દેવાધિદેવ શ્રીકૃષ્ણે પોતાની દ્વારિકાપુરીના નિર્માણ માટે સ્વયં નિર્દેશ આપીને વિશ્વકર્માના હાથથી દ્વારિકાપુરીનાં ભવ્ય ભવનોનું નિર્માણ કરાવ્યું. આપણા દેશમાં ભગવાન વિશ્વકર્મા જયંતી શ્રદ્ધા ઊજવવામાં છે.



# વેલેનટાઈન-ડેનું અતીત અને વર્તમાન સ્વરૂપ

કાળચક્ર
યજ્ઞાનંદ

દર વર્ષે ફેબ્રુઆરીના મધ્યમાં યુવાનો વચ્ચે થોડીક અજીબ જેવી હલચલ રહે છે. ફૂલો અને ભેટોની માંગ વધી જાય છે.આ બધું જ થાય છેઃ સંતા વેલેન્ટાઈનના નામ પર. દુનિયાભરમાં નહીં તો પણ મોટા ભાગમાં 14 ફેબ્રુઆરીએ વેલેન્ટાઈન ડે ઉજવાય છે. 24-25 વર્ષ પહેલાં આપણા દેશમાં વેલેન્ટાઈન-ડેની વધારે ધૂમ નહોતી, પરંતુ જયારે પશ્ચિમમાંથી આપણે ઉદારીકરણનો મંત્ર લીધો ત્યારે સ્વાભાવિક હતું કે તેની સાથે-સાથે પશ્ચિમની સંસ્કૃતિની કેટલીક અસર પણ આવશે. આખરે પ્રેમની અભિવ્યક્તિ માટે એક ખાસ દિવસ જ નક્કી થઈ જાય. તો તેનાથી વધારે તેમના માટે શું હોઈ શકે? એટલા માટે કોઈ પણ હોઈ શકે છે વેલેન્ટાઈન...

થોડા ભ્રમ છે- એ વાતને લઈને કે સંત વેલેન્ટાઈન અને આ દિવસથી તેમનું નામ કેવી રીતે જોડાઈ ગયું છે? કેટલાક કેથોલિક ચર્ચ ઓછામાં ઓછા ત્રણ અલગ અલગ સંતોને વેલેન્ટાઈન કે વેલેન્ટાઈનસના નામથી માન્યતા આપે છે.

એક દંતકથા મુજબ વેલેન્ટાઈન એક પાદરી હતા, જે ત્રીજી સદીમાં રોમમાં થયા હતા. ત્યાંના શાસક કલોડિયસ દ્વિતીયની ધારણા બની ગઈ કે પરણેલાં, પરિવારવાળા સૈનિકો કરતાં એકલા પુરુષ વધારે સારા સૈનિક હોય છે. તેમણે એક હુકમ કરી દીધો હતો કે કોઈ પણ એકલો પુરુષ લગ્ન નહીં કરી શકે. તેમણે પોતાની સેના માટે એવા જ યુવકોની જરૂર હતી. જાહેર છે કે તેમનો વળગાડ હતો. તેમના આ અન્યાયપૂર્ણ ચુકાદાને વિરોધ કરવાનું બીડું ઝડપ્યુંઃ પાદરી વેલેન્ટાઈનએ. તેમણે કર્લાડિયસના આદેશને માનવાની ના પાડી અને પ્રેમીઓને લગ્ન ગુપ્ત રીતે સંપન્ન કરાવતા રહ્યા. જયારે એ વાતનો ભેદ ખૂલ્યો ત્યારે કલૉડિયસએ તેમને મૃત્યુની સજા આપી દીધી.

બીજી વધારે વાર્તામાં જણાવવામાં આવ્યું છે કે રોમન જેલોમાં યાતના ભોગવી રહ્યા હતા તે ઈસાઈઓને કેદમાંથી ભાગવાની મદદ કરતા હતા એટલે બીજા સંત વેલેન્ટાઈન પણ ત્રીજી સદીના મધ્યમાં જ કહેવાયા છે. તે ઈટરમ્ના (આધુનિક ટેરની)ના બિશપ હતા. ત્રીજા સંત વેલેન્ટાઈનને આફ્રિકામાં કોઈ સ્થાન પર દુઃખ ઉઠાવવું પડયું હતું. એક દંતકથા અનુસાર પહેલું વેલેન્ટાઈન ગ્રીટિંગ પોતે સંત વેલેન્ટાઈને જ મોકલ્યું હતું. કહેવાય છે કે જયારે તે કેદમાં હતા તો તેમને એક યુવતી સાથે પ્રેમ થઇ ગયો. તે યુવતી બીજી કોઈ નહોતી પરંતુ જેલરની છોકરી હતી, જે જેલમાં તેમને જ મળવા આવતી હતી. મૃત્યુની સજા મળવાથી તેમને પહેલાં તેમણે તે યુવતીને એક પત્ર લખ્યો, જેના પર હસ્તાક્ષર કરતાં કરતાં તેમણે લખ્યું છે ફ્રૉમ યોર વલેન્ટાઈન.' આ શબ્દ પોતાની રીતે જ પ્રતીક બની ગયું.

અસલી સંત વેલેન્ટાઈન કોણ હતા?-આ વાતને લઈને ભલે ભ્રમ હોય, પરંતુ 14 ફેબ્રુઆરીનો આ દિવસ કેમ ઊજવવામાં આવે છે - તે બહુ જ સ્પષ્ટ છે.

કૃષિના દેવતા 'ફોનસ' અને રોમન સંસ્થાપકો રોમુલસ તેમજ રીમુસને સમર્પિત કર્યો હતો.

વર્ષ 496 અથવા 498માં પોપ ગેલોસિયસ એ મૂર્તિપૂજકોના આ ઉત્સવને વિસ્થાપિત કરવા માટે 14 ફેબ્રુઆરીને વેલેન્ટાઈન-ડે જાહેર કરી દીધો.

ઈંગ્લેન્ડમાં 17મી શતાબ્દીની આસપાસ વેલેન્ટાઈન ડેની લોકપ્રિયતા ઘણી વધી. 18મી શતાબ્દીના મધ્ય સુધી અહીં સમાજના બધા વર્ગોમાં તે જાણીતું થઇ ગયું હતું. આ દિવસે મિત્ર અને પ્રેમી એકબીજાને લગાવના પ્રતીક રૂપે કોઈ ભેટ અથવા હસ્તલિખિત સંદેશો મોકલતા હતા. 18મી સદીના અંત સુધી હસ્તલિખિત પત્રોના બદલે છાપેલા કાર્ડોનું ચલણ શરૂ થઇ ગયું.

ભારતમાં વેલેન્ટાઈન-ડેની વધતી લોકપ્રિયતાનો શ્રેય કેટલા લોકો ફકત મીડિયાને જ નહીં, પરંતુ ગ્રીટિંગ કાર્ડ કંપનીઓને પણ આપે છે. એક મિત્ર કહે છેઃ 'આ કંપનીઓને તો વેચાણ વધારવાનું કોઈ પણ બહાનું જોઈએ. કયારેક ડોકટર્સ - ડે તો કયારેક પેરન્ટ્સ ડે... તો કયારેક બીજો કોઈ!'



મધ્ય યુગમાં ઈંગ્લેન્ડ અને ફ્રાંસમાં તે આમ ધારણા હતી કે, આ દિવસે... એટલે કે વર્ષના બીજા મહિનાની વચ્ચેના સમયમાં પક્ષી પોતાનાં જોડાં બનાવે છે. આ ધારણાના કારણે ત્યાં આ દિવસે પ્રેમપત્ર મોકલવા માટે એકદમ યોગ્ય માનવામાં આવ્યો હતો.

ચૌદમી-પંદરમી સદીના ફ્રાંસીસી અને અંગ્રેજી સાહિત્યમાં આ જાણીતી વાતોને દર્શાવનાર પ્રસંગોની ભરમાર છે.

સૌથી પ્રાચીન પ્રસંગ મળે છે -જોન ગ્રોવરના 'વેલેડ્સ'માં.

એક માન્યતા એ પણ છે કે ચર્ચમાં મૂર્તિપૂજકોના લ્યુપરકેલિયા ઉત્સવનો ઈશાઈકરણ કરવાની કોશિશમાં વેલેન્ટાઈન ડે ઊજવવાનો નિર્ણય કર્યો. પ્રાચીન રોમમાં ફેબ્રુઆરીમાં વસંતના આગમન પર પોતાના ઘરને સજાવે છે. 15 ફેબ્રુઆરીએ લ્યુપરકૅલિયો ઉત્સવની શરૂઆત થતી હતી. આ ઉત્સવ

એક મોટી કંપનીએ તો 56 દિવસ પસંદ કરી રાખ્યા છે, જેના માટે તે કાર્ડ છાપતી હોય છે. આ વાતમાં દમ પણ છે કે આપણે અહીં વેલેન્ટાઈન-ડેની ધૂમ મચી છે -તેમાં કાર્ડ કંપનીઓનું મોટું યોગદાન છે. પરંતુ કાર્ડ કંપનીઓને પોતાનું વેચાણ વધારવા બહાનું જોઈએ. તો કેટલાંક લોકોને પણ જરૂર છે- પોતાની ભાવનાઓને અભિવ્યક્ત કરવા માટે સુંદર બહાનાંઓની. જયારે તેમને લખવા માટે બીજો કોઈ શબ્દ ના મળ્યો તો તે એવું જ લખી દે છે : ફ્રૉમ યૉર વેલેન્ટાઈન. હવે કાર્ડનો ઉપયોગ ભાગ્યે જ કરતા હોય છે કારણ કે મોબાઈલનો જમાનો આવી ગયો છે.

# કામ અનંગ કવચ કોણે અને કેમ ધારણ કરવું જોઈએ?

યંત્ર-મંત્ર-તંત્ર
યજ્ઞેશ ત્રિવેદી

ઈશ્વરે આપણા શરીરમાં એક પ્રકારની રાસાયણિક તથા યંત્રજનિત ક્રિયાનું સર્જન કર્યું છે. આ ક્રિયા સુપ્તાવસ્થામાં રહે છે. મનુષ્યના મનમાં જયારે કામની ઈચ્છા તરંગિત થાય છે- તો તે વિચિત્ર ક્રિયા જાગ્રત અવસ્થામાં આવી જાય છે અને વ્યકિતને કામને પૂરું કરવા માટે બેચેન બનાવે છે. જો કોઈ કારણવશ મનુષ્ય આ કાર્યને સંપન્ન ના કરી શકયો- તો તેના મગજમાં એક પ્રકારની ગ્રંથિ ઘર કરી લે છે, જે કોઈ પણ સમયે તેને રોગગ્રસ્ત કરી શકે છે... કારણ કે કામમાં ગરમી હોય છે, જે નીકળવા તથા તૃપ્ત થવામાં જ શાંતિ છે, નહીંતર તે ગરમી મગજની નસોમાં ભ્રમણ કરતી રહે છે અને તેને ઉન્માદી બનાવી દે છે!!

વૈજ્ઞાનિકો દ્વારા એવું સાબિત થઈ ચૂકયું છે કે જે વ્યકિત પૂર્ણ કામ સંતુષ્ટ થાય છે તે વધારે કાર્યકુશળ, વધારે ઊર્જાવાળો હોય છે. તેનામાં સમજવાની શકિત વધારે હોય છે. તે કસમયે વૃદ્ધ નથી થતો... તેને સમય પહેલાં જ વૃદ્ધાવસ્થાના રોગ હેરાન-પરેશાન નથી કરતા. વાસ્તવિક રીતે જોઈએ તો કામ-ક્રીડા વાસના શાંત કરવાનો માર્ગ જ નહીં, પરંતુ પોતાને ચિંતામુકત, ચુસ્ત, પ્રફુલ્લિત રાખવાનો માર્ગ પણ છે.

જો મનુષ્ય બહિર્મુખી હોય છે, તો તે અપરાધ કરી બેસે છે અને જો તે અંતર્મુખી હોય છે- તો પોતાના કાર્યને સમજદારીથી દાબી દે છે!

શું આપણાં દેવી-દેવતાઓનાં ફોટા-ચિત્રોમાં તેમને વૃદ્ધ અવસ્થામાં જોયાં છે? કયારેય નહીં. કેમ બધાં ચિરયુવાનનું વરદાન મેળવ્યું છે? ફકત બ્રહ્માજીનો જ વૃદ્ધ અવસ્થાનું ચિત્ર ફોટો જોયો હશે?

જીવનમાં એક વાર... માત્ર એક વાર જ સોપાન, ઉંમર, જીવનકાળનાં થોડાંક વર્ષ મળે છે- તે યૌવન... અને જેને 'સ્થિર બનાવી રાખવા માટે' દેવી, દેવતા, કિન્નર, ગંધર્વ, આજે પણ પ્રયત્નશીલ રહે છે અને આ કારણે જ તેમણે પણ દરેક ક્ષણ પોતાના સૌંદર્યને અક્ષુણ્ણ બનાવી રાખવા માટે સાધના કરી હોય છે. તો મનુષ્ય પણ જો સાધનાઓ કરે, પ્રયાસ કરે તો તેમાં આશ્ચર્ય જેવું શું છે?





કામ અનંગ કવચ કેમ ધારણ કરવું જોઈએ?

- જયારે જીવનમાં નિરસતા છવાઇ જાય... મન-મગજ તો કામ-ક્રિયા કરવા ઈચ્છતું હોય પરંતુ ઈન્દ્રિયો સાથ ના આપે ત્યારે.
- જયારે સંપૂર્ણ કામસંતુષ્ટિ ના મળે ત્યારે.
- જયારે પોતાનામાં જ ઉદાસી છવાઇ જાય... દરેક સમયે સુસ્તી જેવું જ રહે. કોઇ કાર્ય કરવામાં મન ના લાગે.
- કસમયે જ વૃદ્ધાવસ્થા આવી જાય અથવા યુવાવસ્થામાં જ વૃદ્ધ દેખાવા લાગે.
- જયારે બધું હોવા છતાં પણ જીવન નિરસ લાગવા લાગે.
- જયારે જીવનનો સુખદ સંબંધ કે સૌંદર્ય વેરાવા લાગે.

-આવી અનેક સ્થિતિઓ... જયાં દવા કે યોગ દ્વારા લાભ ના મળતો હોય ત્યારે ધારણ કરવું જોઈએ... કામ અનંગ કવચ.

કામદેવ- જેમણે ભગવાન શંકર પર પણ કામનું બાણ ચલાવી દીધું હતું!

આ કવચ ધારણ કરવાથી તમે તમારી સૂતેલી ભાવનાઓને ફરીથી જગાડી શકો છો, જીવનનો આનંદ મેળવી શકે છે... મસ્તીભર્યો આનંદ લઈ શકે છે... કામની ઉત્કર્ષ અવસ્થા સુધી પહોંચી શકે છે... જેને ધારણ કરી વ્યકિત નરકનું જીવનને ત્યાગીને પૂર્ણ આનંદ પ્રાપ્ત કરવામાં સમર્થ બની શકે છે.

કેટલાક એવા પણ યુવાન દેખાવા જોવા મળે છે કે, જેનું દિલ-હૃદય તો પૂર્ણ ગઠિત જોવા મળે છે પરંતુ યુવાશકિતનાં નામ પર હીનતા ભરેલી હોય છે.

ઘણાં બધાં યુવા દંપતી એવાં પણ છે કે જે લગ્ન પછી સુખી યૌન જીવન નથી ભોગવી શકતાં. કામશકિતના અભાવના કારણે સંતુષ્ટી મળતી નથી હોતી.

તંત્રશાસ્ત્રોમાં અનંગ મદન સાધના દ્વારા કામનાપૂર્તિ સંભવ છે. આ કવચ એવાં પુરુષ/સ્ત્રીઓને વિશેષ કરીને જેઓ નોકરી કરતાં હોય અથવા વ્યવસાય ક્ષેત્રમાં હોય અથવા વ્યસ્ત રહેતાં હોય તેમના માટે સાધના કરવી, મંત્રનો જાપ કરવો વગેરે કરવું શકય નથી હોતું... આ બધું જ ધ્યાનમાં રાખીને આ કવચનું નિર્માણ કરવામાં આવે છે. આ કવચને ધારણ કરવાથી શારીરિક જ નહીં... આત્મિક સુંદરતાનો પણ વિકાસ થાય છે. શારીરિક આકર્ષણમાં વૃદ્ધિ, મનમાં ઉમંગ તેમજ જોશમાં વૃદ્ધિ થાય છે. જેની અસર તમારા લગ્નજીવન પર પડે છે!